©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 25th JUNE, 2026/ASHADHA 04, 1948 [Issue No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	365-370	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	5859-6186
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/વશી/F-0987/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૯૦૭/૨૦૨૬, તા. ૩૦-૦૪-૨૦૨૬ થી અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમ.એ.જી./સી/૨૮૯૩૦/૨૦૧૦ તા. ૨૪-૧૧-૨૦૧૦ થી જે પોરબંદર શહેરમાં ભારે વાહનો જેવા કે ટ્રક, ટ્રેલર તથા પેટ્રોલ ડીઝલના ટ્રેન્કર પ્રાઈવેટ લકઝરી બસો તથા પ્રાઈવેટ મીનીબસો વિગેરે વાહનો દ્વારકા થી પોરબંદર અને પોરબંદર થી સોમનાથ તરફ જતા વાહનો નરસંગ ટેકરી કમલાબાગ થઈ વિરભનુની ખાંભી થઈ સોમનાથ રોડ ઉપર પસાર થઈ શકશે તેજ રીતે સોમનાથ થી પોરબંદર આવતા અને દ્વારકા જતાં વાહનો પણ ઉક્ત રસ્તેથી પસાર થઈ શકશે પરંતુ રસ્તામાં હોલ્ટ કરી શકશે નહિ. વિગેરે સવારના ૦૮-૦૦ થી કલાક થી રાત્રીના ૦૯-૦૦ કલાક સુધી પોરબંદર શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તે જાહેરનામામાં ''ભારે વાહનો અંગે દ્વારકા થી પોરબંદર અને સોમનાથ થી પોરબંદર આવતા વાહનો ઓડદર બાયપાસ દાદીમાના દેશી ભાણા હોટલ પાસેથી બિરલા ફેક્ટરી (વીર ભનુની ખાંભી) સુધી આવક-જાવક કરી શકાશે અથવા દ્વારકા નેશનલ હાઈવે ત્રણ માઈલ, બોખીરા, ચુન્નાની ભઠી તથા જયુબેલી ચાર રસ્તાથી ઉદ્યોગનગર આશાપુરા ચોક જી.આઈ.ડી.સી. માં પ્રવેશ કરી શકાશે તેમજ પોરબંદરથી દ્વારકા-સોમનાથ તરફ જતા વાહનો ચુન્નાના ભઠાથી તથા ઉદ્યોનગર જી.આઈ.ડી.સી. આશાપુરા, જયુબેલી ચાર રસ્તાથી, બોખીરા ત્રણ માઈલ થઈ અથવા રોકડીયા હનુમાન મંદિરથી ઓવરબ્રિજનો ઉપયોગ કરી દ્વારકા સોમનાથ તરફ આવ-જા કરી શકશે. પોરબંદર શહેરમાં નરસંગ ટેકરી (ઓવરબ્રિજનો ઉપયોગ કરી શકાશે), જયુબેલી ચાર રસ્તા, વિરભનુની ખાંભીથી તમામ ભારે વાહનો માટે સવારના ૦૮-૦૦ થી કલાક થી રાત્રીના ૦૯-૦૦ કલાક સુધી પોરબંદર શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવા'' પુરતો સુધારો કરવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અત્રેના જાહેરનામા ક્રમાંક : એમ.એ.જી./સી/૨૮૯૩૦/૨૦૧૦ તા. ૨૪-૧૧-૨૦૧૦ રદ કરવા તથા નીચે મુજબની વિગતે પોરબંદર શહેરમાં સવારના ૦૮-૦૦ થી રાત્રિના ૦૯-૦૦ કલાક સુધી ટ્રાફીક નિયમન કરવા ફરમાવવામાં આવે છે.

(૧) ભારે વાહનો અંગે દ્વારકા થી પોરબંદર અને સોમનાથ થી પોરબંદર આવતા વાહનો ઓડદર બાયપાસ દાદીમાના દેશી ભાણા હોટલ પાસેથી બિરલા ફેકટરી (વીર ભનુની ખાંભી) સુધી આવક-જાવક કરી શકાશે.

(૨) દ્વારકા નેશનલ હાઈવે ત્રણ માઈલ, બોખીરા, ચુન્નાની ભઠી તથા જયુબેલી ચાર રસ્તાથી ઉદ્યોગનગર આશાપુરા ચોક જી.આઈ.ડી.સી. સુધી આવક-જાવક કરી શકાશે.

(૩) પોરબંદર થી દ્વારકા-સોમનાથ તરફ જતા વાહનો ચુન્નાના ભઠાથી તથા ઉદ્યોનગર જી.આઈ.ડી.સી. આશાપુરા, જયુબેલી ચાર રસ્તાથી, બોખીરા, ત્રણ માઈલ થઈ અથવા રોકડીયા હનુમાન મંદિર થી ઓવરબ્રિજનો ઉપયોગ કરી દ્વારકા સોમનાથ તરફ આવ-જા કરી શકશે.

(૪) પોરબંદર શહેરમાં નરસંગ ટેકરી (ઓવરબ્રિજનો ઉપયોગ કરી શકાશે), જયુબેલી ચાર રસ્તા, વિરભનુની ખાંભીથી તમામ ભારે વાહનો માટે પોરબંદર શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામામાંથી નીચે મુજબની વિગત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

(૧) એસ.ટી. નિગમની બસો હાલ રાબેતા મુજબ જે રસ્તા ઉપર અવર-જવર કરે છે તે રસ્તાઓ

(૨) ખાનગી સ્કુલોની પોતાની માલિકીની બસો કે જે ફકત વિદ્યાર્થીઓની અવર-જવર જે રસ્તાઓ ઉપર કરે છે તે રસ્તાઓ

(૩) સરકારશ્રીના કોઈપણ પ્રકારના વાહનો ગમે તે રસ્તાઓ ઉપર અવર-જવર કરે છે તે રસ્તાઓ

(૪) ફાયર ફાઈટરો, એમ્બ્યુલન્સો, શબવાહીની તથા મહાનગરપાલિકા પોરબંદરની શહેરમાં અવર-જવર કરતી બસો તથા મહાનગરપાલિકાના અન્ય વાહનો.

(૫) બહારના જિલ્લામાંથી તથા અન્ય રાજયોમાંથી પર્યટક વાહનો અવર-જવર માટે જે રસ્તાઓ અવર-જવરના છે તે રસ્તાઓ ઉપર.

(૬) રાત્રિના ૦૯-૦૦ થી સવારના ૦૮-૦૦ કલાક સુધી અવર જવર ઉપર કોઈપણ વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરના વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ તા. ૧૮-૦૫-૨૦૨૬ થી અમલમાં આવશે.

આજરોજ તા. ૧૧-૦૫-૨૦૨૬ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૧ માહે મે, સને ૨૦૨૬.

વિષય : સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ મહાનગરપાલિકા/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને એકઝી. મેજીસ્ટ્રેટના પાવર એનાયત કરવા બાબત.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરસી/૩૨૧૨/૫૯૩/મ.

(૨) રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ ના હુકમ ક્રમાંક : રાચઆ/ચટણ/મનપ/ચઅન/૯(૩)/૦૨૨૦૨-ક/૯૯૪૧ થી ૯૯૬૦

(૩) રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૨૪-૦૨-૨૦૨૬ ના હુકમ ક્રમાંક : રાચઆ/ચટણ/મનપ/ચઅન/૯(૩)/૦૨૨૦૨-ક/૪૨૦૪ થી ૪૨૪૯

(૪) રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૨૪-૦૨-૨૦૨૬ ના હુકમ ક્રમાંક : રાચઆ/ચટણ/મનપ/ચઅન/આર.ઓ./૮(૧)-૦૩૨૦૨૬-ક/૬૪૯૨ થી ૬૫૪૩

(૫) રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૦૨-૦૪-૨૦૨૬ ના હુકમ ક્રમાંક : રાચઆ/ચટણ/નપલ-ચઅન/આર.ઓ./૮(૧૧)/૦૪૨૦૨૬ -ક/૧૦૬૯૩ થી ૧૦૭૨૨.

(૬) રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૧૬-૦૩-૨૦૨૬ ના હુકમ ક્રમાંક : રાચઆ/ચટણ/જિ.પં./તા.પં./પોરબંદર/આરઓ-એઆરઓ/૨૦૨૬.

હુકમ

નં. એમએજી/વશી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/સ્પે. એકઝી. મેજી. પાવર/૧૩૪-૨/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી પોરબંદર જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરી થનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

વંચાણે-૧ તળેના જાહેરનામાની વિગતે રાજ્યમાં જ્યારે જ્યારે ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે, તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફિસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફિસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જરૂરી જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે સત્તા એનાયત કરવામાં આવેલ છે.

જે અર્થે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી એપ્રિલ-૨૦૨૬ ના કામે મહાનગરપાલિકા/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત/ નગરપાલિકાઓના ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ સદરહું ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે વંચાણ-૩ થી ૬ તળેના હુકમથી નિયુકત કકરેલ મહાનગરપાલિકા/ તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત/નગરપાલિકાઓના ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો મળવાપાત્ર થાય છે.

જેથી હું, એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર તરીકે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-૧ માં દર્શાવેલ જાહેરનામાની જોગવાઈ મુજબ મેજીસ્ટ્રીય ધરાવતા ન હોય તેવા વંચાણ લીધા-(૩) થી (૬) ની વિગતે નિયુકત થયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની નિમણૂંકના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ ની પ્રક્રિયા માટે આગામી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી આ સહ સામેલ પરિશિષ્ટ-૧, ૨, ૩ અને ૪ મુજબના ચૂંટણી અધિકારીઓ/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબના ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૧.	કલમ-૪૧	Arrest by Magistrate
૨.	કલમ-૧૦૮	Magistrate may direct search in his presence
૩.	કલમ-૧૦૯	Power to impound document, etc. produced
૪.	કલમ-૧૪૮	Dispersal of assembly by use of civil force
૫.	કલમ-૧૬૩	Power to issue order urgent cases of nuisances or apprehended danger

આ સત્તાનો વિવેકપુર્ણ ઉપયોગ થાય તથા દુરૂપયોગ થાય નહી તે જોવા તમામ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટને સુચના આપવામાં આવે છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : નં. એમએજી/વશી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/સ્પે.એકઝી.મેજી.પાવર/૧૩૪-૨/૨૦૨૬,
તા. ૧૩-૦૪-૨૦૨૬ નું સામેલ

પરિશિષ્ટ-૧

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

પોરબંદર મહાનગરપાલિકા મતદાર મંડળ

ક્રમ	જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનુ નામ	મતદાર મંડળના વોર્ડ નંબર	ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો
૧	પોરબંદર	પોરબંદર	વોર્ડ નં. ૧, ૨, ૩, ૪	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પોરબંદર	-
૨	પોરબંદર	પોરબંદર	વોર્ડ નં. ૫, ૬, ૭, ૮	નાયબ કલેકટરશ્રી-૧, પોરબંદર	ચીટનીશ ટુ કલેકટરશ્રી, પોરબંદર
૩	પોરબંદર	પોરબંદર	વોર્ડ નં. ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩	-	જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, પોરબંદર

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : નં. એમએજી/વશી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/સ્પે.એકઝી.મેજી.પાવર/૧૩૪-૨/૨૦૨૬,
તા. ૧૩-૦૪-૨૦૨૬ નું સામેલ

પરિશિષ્ટ-૨

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

પોરબંદર જિલ્લા પંચાયત મતદાર મંડળ

ક્રમ	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનુ નામ	મતદાર મંડળના નામ/નંબર		ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો
૧	પોરબંદર	પોરબંદર	૧	અડવાણા	શ્રી ભાવીન કથીરીયા, નાયબ કલેકટરશ્રી-૨, પોરબંદર	-
			૩	બખરલા		
			૭	ફટાણા		
			૧૪	મોઢવાડા		
			૧૮	વિસાવાડા		
૨	પોરબંદર	પોરબંદર	૪	બળેજ	શ્રી હર્ષ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી(વહીવટ), પોરબંદર મહાનગરપાલિકા	શ્રી પ્રવિણસિંહ ચાવડા, તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર
			૬	દેગામ		
			૮	કડછ		
			૧૨	માધવપુર		
			૧૫	ઓડદર		
૩	પોરબંદર	પોરબંદર	૧૬	રાણાકંડોરણા-૧	શ્રી પી. એલ. વાઘાણી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર	-
			૧૭	રાણાકંડોરણા-૨		
૪	પોરબંદર	પોરબંદર	૨	અમરદડ	શ્રી પી. એલ. વાઘાણી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર	શ્રી એચ. જે. પરમાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાણાવાવ
			૧૦	ખીરસરા		
૫	પોરબંદર	પોરબંદર	૫	ચૌટા	-	શ્રી સવજીભાઈ કમેજળીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી, કુતિયાણા
			૯	ખાગેશ્રી		

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : નં. એમએજી/વશી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/સ્પે.એકઝી.મેજી.પાવર/૧૩૪-૨/૨૦૨૬,
તા. ૧૩-૦૪-૨૦૨૬ નું સામેલ

પરિશિષ્ટ-૩

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

તાલુકા પંચાયત મતદાર મંડળ

ક્રમ	જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનુ નામ	મતદાર મંડળના નામ/નંબર		ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો
૧	પોરબંદર	પોરબંદર	૩	બળેજ	શ્રી પ્રવિણસિંહ ચાવડા, તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર	શ્રી જીવાભાઈ કુછડીયા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર
			૬	ગરેજ		
			૪	દેગામ		
			૧૧	કુછડી		
			૮	કડછ		
			૧૫	મંડેર		
			૧૨	માધવપુર-૧		
			૧૩	માધવપુર-૨		
			૧૪	માધવપુર-૩		
			૭	ગોસા		
			૧૯	ઓડદર		
			૨૦	રાતીયા		
૨	પોરબંદર	રાણાવાવ	૧	અમરદડ-૧	શ્રી એચ. જે. પરમાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાણાવાવ	શ્રી કરશન ઓડેદરા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાણાવાવ
			૨	અમરદડ-૨		
			૧૦	મોકર		
			૧૧	રામગઢ		
			૬	બીલેશ્વર		
			૭	બોરડી		
			૮	ખંભાળા		
			૯	ખીરસરા		
૩	પોરબંદર	કુતિયાણા	૧	ચૌટા	શ્રી સવજીભાઈ કમેજળીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી, કુતિયાણા	શ્રી વી. આર. બાની, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, કુતિયાણા
			૧૨	માંડવા		
			૧૫	રોઘડા		
			૧૬	સિંધપુર		
			૩	દેવડા		
			૫	ઈશ્વરીયા		
			૭	ખાગેશ્રી-૧		
			૮	ખાગેશ્રી-૨		

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : નં. એમએજી/વશી/સ્થા.સ્વ.ચૂં.-૨૬/સ્પે.એકઝી.મેજી.પાવર/૧૩૪-૨/૨૦૨૬,
તા. ૧૩-૦૪-૨૦૨૬ નું સામેલ

પરિશિષ્ટ-૪

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

રાણાવાવ તથા કુતિયાણા નગરપાલિકા મતદાર મંડળ

ક્રમ	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	મતદાર મંડળના વોર્ડ નંબર	ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદો
૧	પોરબંદર	રાણાવાવ	વોર્ડ નં. ૬	શ્રી પી. એલ. વાઘાણી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર	-

પોરબંદર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એસ. ડી. ધાનાણી
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.25 12:54:21 IST